# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૩ તા. ૦૮.૦૪.૨૦૧૯

-----------

## આ ચૂંટણી દેશનું ભવિષ્ય નક્કી કરવા માટેની ચૂંટણી છે.

લોકસભાની ચૂંટણીમાં નાની નાની બાબતોને ન લાવીને દેશના હિત માટે જરૂરી શું છે ?
તે વાતને નજર સમક્ષ રાખીને આપણે મતદાન કરવું જોઇએ - શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

**મહાગઠબંધનના નામે ઉભી થયેલ મહામિલાવટ ગેંગ "મોદી હટાવો-મોદી હટાવો" ના નારા લગાવે છે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, ભ્રષ્ટાચાર હટાવો, ગરીબી હટાવો, બેકારી હટાવો. દેશની જનતાએ નક્કી કરવાનું છે કે, કોને હટાવવા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**આ ચૂંટણી ઈમાનદાર સામે બેઇમાનો વચ્ચેની છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં દુનિયાભરમાં ભ્રષ્ટાચાર દેશ તરીકે ભારતની છબી ખરડાયેલી હતી, પરંતુ શ્રી નરેન્દ્રભાઇએ દેશના ખુણે ખુણેથી ભ્રષ્ટાચારીઓને સકંજામા લઇને 'ના મુમકીનને મુમકીન' કરી બતાવ્યુ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના મળતીયાઓને ત્યાં દરોડા પાડીને કરોડો રૂપીયાનું કાળુ નાણું જપ્ત કરવામાં આવ્યુ છે. જે બતાવે છે કે, કોંગ્રેસ હજી પણ ભ્રષ્ટાચારમાં ગળાડુબ છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસના નવજ્યોતસિંહ સિધ્ધુ, મણીશંકર ઐયર, સૈફુદીન સોઝ, સામ પિત્રોડા અને તમામ નેતાઓ પાકિસ્તાનના કલબલીયા વગાડે છે ત્યારે કોંગ્રસનો પાકિસ્તાન પ્રેમ સ્પષ્ટ દેખાઇ આવે છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**સત્તાલાલચુ કોંગ્રેસે ભૂતકાળમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, બાબાસાહેબ આંબેડકરજી, રામમનોહર લોહીયાજી, જયપ્રકાશ નારાયણજી જેવા દેશભક્ત નેતાઓને હાંસીયામાં ધકેલવાનું દુષ્કૃત્ય કર્યું છે**
**- શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ આણંદ લોકસભા બેઠકના ઉમરેઠ ખાતે વિશાળ જનસભા સંબોધન કર્યુ હતુ, જેમાં રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, ભાજપાના જીલ્લા પ્રમુખ-મહામંત્રીશ્રીઓ અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, દરેક ચૂંટણીનું અલગ અલગ મહત્વ હોય છે. મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં ગટર-પાણી-લાઇટના મુદ્દા હોય છે, જ્યારે વિધાનસભાની ચૂંટણીમાં રાજ્ય સરકારના કાર્યોની ચર્ચા હોય છે, તો લોકસભાની ચૂંટણીમાં દેશના હિતને ધ્યાનમાં રાખવામાં આવે છે. લોકસભાની ચૂંટણીમાં નાની નાની બાબતોને ન લાવીને દેશના હિત માટે જરૂરી શું છે ? તે વાતને નજર સમક્ષ રાખીને આપણે મતદાન કરવું જોઇએ.

ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યાં છે. ચૂંટણીનો મુખ્ય એક જ મુદો છે. દેશ કોના હાથમાં સલામત ? દેશની રક્ષા કરવા માટે કોણ સક્ષમ ? ૫૬ની છાતીવાળો પ્રધાનમંત્રી જોઇએ છે કે ડરપોક, વોટબેંકની રાજનીતિ કરનાર પ્રધાનમંત્રી જોઇએ છે ? આ ચૂંટણી ચોકીદાર વિરૂધ્ધ ચોરોની ચૂંટણી છે. મેં ભી ચોકીદાર હું ના નાદ સાથે દેશભરના લોકો દેશના ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સાથે ઉભા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ કહ્યુ છે કે, તેઓ પ્રધાનમંત્રી નહીં, પ્રધાનસેવક છે, ચોકીદાર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની તિજોરી પર ભ્રષ્ટાચારનો પંજો નહીં પડવા દે.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, મહાગઠબંધનના નામે ઉભી થયેલ મહામિલાવટ ગેંગ ''મોદી હટાવો-મોદી હટાવો''ના નારા લગાવે છે, જ્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, ભ્રષ્ટાચાર હટાવો, ગરીબી હટાવો, બેકારી હટાવો. દેશની જનતાએ નક્કી કરવાનું છે કે, કોને હટાવવા છે. આ મહામિલાવટી નેતાઓએ તેઓ જ્યારે સત્તામાં હતાં ત્યારે ખૂબ ભ્રષ્ટાચાર કર્યો. પરિવારો - સગાસંબંધીઓને માલામાલ કર્યા સિવાય બીજું કંઇજ કર્યું નથી. ગરીબ, પીડીત, શોષીત, વંચિતોની કંઇજ ચિંતા કરી નથી. ''ચોર મચાયે શોર'' વાક્યને યથાર્થ કરી આજે આ લોકો નખશીખ પ્રમાણિક અને ઈમાનદાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને ચોર કહેવા નિકળ્યાં છે. દિલ્હીમાં શ્રી નરેન્દ્રભાઈની સરકાર ચોકીદારી કરી પ્રજાના કરવેરાના પૈસા કોઇ લુંટી ન જાય તે માટે સજાગ છે.

દેશને કોરી ખાનારા લોકો સામે દેશનો ચોકીદાર સામી છાતીએ રહી દેશનું રક્ષણ કરવા કટિબધ્ધ છે. ત્યારે ચોર મચાયે શોર - અલીબાબાના ૪૦ ચોરની જેમ આ ચૂંટણીમાં ગઠબંધન કરી ચોરટોળકી ભેગી થઇ છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ બધાની દુકાન બંધ કરાવી લીધી છે. આમાંથી ડઝન જેટલા તો જામીન પર છે. આ ચૂંટણી ઈમાનદાર સામે બેઈમાનો વચ્ચેની છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં દુનિયાભરમાં ભ્રષ્ટાચાર દેશ તરીકે ભારતની છબી ખરડાયેલી હતી, પરંતુ શ્રી નરેન્દ્રભાઈએ દેશના ખુણે ખુણેથી ભ્રષ્ટાચારીઓને જ હટાવીને ના મુમકીનને મુમકીન કરી બતાવ્યુ છે. દેશના પ્રત્યેક જરૂરીયાતમંદને સીધો લાભ મળતા હવે વચેટીયા અને દલાલોને દુર કર્યા છે. આજે દિલ્હીમાં એક ઈમાનદાર સરકાર છે. ગઈકાલે જ કોંગ્રેસના મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથના મળતીયાઓને ત્યાં દરોડા પાડીને કરોડો રૂપીયાનું કાળુ નાણું જપ્ત કરવામાં આવ્યુ છે. જે બતાવે છે કે, કોંગ્રેસ હજી પણ ભ્રષ્ટાચારમાં ગળાડુબ છે.

શ્રી રૂપાણીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, દેશની સત્તા પર એક જ પરિવારનો અધિકાર હોવો જોઇએ તેવી સંકુચિત માનસિકતાથી કોંગ્રેસ પીડાઇ રહી છે. પહેલાં જવાહરલાલ નહેરૂ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનીયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી. કોંગ્રેસમાં પરિવારવાદ સિવાય બીજું કાંઇ નથી. સત્તાલાલચુ કોંગ્રેસે ભૂતકાળમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, બાબાસાહેબ આંબેડકરજી, રામમનોહર લોહીયાજી, જયપ્રકાશ નારાયણજી જેવા દેશભક્ત નેતાઓને હાંસીયામાં ધકેલવાનું દુષ્કૃત્ય કર્યું છે. ત્યારે ફક્ત ભાજપામાં જ શક્ય છે કે, એક ગરીબ ચાવાળો પણ દેશનો પ્રધાનમંત્રી બની શકે છે. ભાજપા કોઇ એક પરિવાર કે નેતાઓની નહીં કાર્યકર્તાઓની પાર્ટી છે, ભાજપા "સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્ર સાથે ચાલનારી પાર્ટી છે અને દેશહિતને પ્રાધાન્ય આપવાને કારણે જ આજે ભાજપા વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે, પાકિસ્તાન જ્યાં સુધી આતંકવાદીઓને આશરો આપવાનું કામ બંધ નહીં કરે, ત્યાં સુધી ઇંટનો જવાબ પથ્થરથી આપી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર કાશ્મીરમાં દરરોજ સર્ચ ઓપરેશન હાથ ધરી આતંકવાદીઓનો સફાયો સતત ચાલુ રાખશે અને પાકિસ્તાન સામે આર્થિક નાકાબંધી કરી છે. પાકિસ્તાન દાઉદ ઇબ્રાઇમ, મસુદ અઝહર જેવાને પોતાની ધરતી પર ઉછેરીને આતંકીઓ પેદા કરવાનું હીન કૃત્ય કરી રહ્યુ છે. અમેરિકાએ લાદેન જેવા ખુંખાર આતંકવાદીને પાકિસ્તાનની ધરતી પર જ મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યારે કોંગ્રેસના નવજ્યોતસિંહ સિધ્ધુ, મણીશંકર ઐયર, સૈફુદીન સોઝ, સામ પિત્રોડા અને તમામ નેતાઓ પાકિસ્તાનના કલબલીયા વગાડે છે ત્યારે કોંગ્રસનો પાકિસ્તાન પ્રેમ સ્પષ્ટ દેખાઇ આવે છે.

શ્રી રૂપાણીએ અંતમાં જણાવ્યુ હતુ કે, દેશની જનતા પણ હવે જાણે છે કે દેશ મોદી સરકાર ઝંખે છે, વિકાસની આ ગાથા હરકોઇ માણે છે, આસ્થા વિકાસની અહીં દરેક નાગરિકના મનમાં સ્ફૂરે છે. આગામી લોકસભા ચૂંટણીમાં ''સંકલ્પિત ભારત - સશક્ત ભારત''ની પ્રતિબધ્ધતાને સાર્થક કરવા જનસમુહ પ્રચંડ બહુમતીથી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર કમળને મત આપી દેશને સશક્ત નેતૃત્વ પુરુ પાડવા પોતાનું યોગદાન આપશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૪ તા. ૦૮.૦૪.૨૦૧૯

-----------

**શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્રની સરકાર અને રાજ્યમાં શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે સતત ગરીબોના પડખે ઊભા રહીને તેમના પ્રશ્નોનો નિકાલ કરવાના અથાગ પ્રયત્નો કર્યા છે અને અનેકવિધ યોજનાઓના લાભ ગામડાની જનતાને અપાવ્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**જે લોકો ભ્રષ્ટ છે, તેવાં જ લોકો મોદીથી બહુ ત્રસ્ત છે. – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**કોંગ્રેસને માત્ર ને માત્ર ચૂંટણી પ્રચાર દરમિયાન જ ગરીબો અને જનતા યાદ આવે છે પરંતુ જ્યારે જનતાને ખરેખર જરૂર હોય ત્યારે કોંગ્રેસ પાર્ટી ક્યાંય દેખાતી નથી – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**સરકારો પહેલાં પણ હતી પણ સર્જીકલ સ્ટ્રાઇક નહોતી. સરકારો પહેલાં પણ હતી પણ બીજા દેશની સીમા પાર કરીને હવાઇ હુમલાઓથી આતંકીઓના ઠેકાણાઓનો ખાત્મો થતો નહોતો – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આતંકીઓ અને નકસલીઓનો સફાયો કરવામાં વ્યસ્ત છે, જ્યારે કોંગ્રેસ આતંકીઓને છાવરવામાં અને વોટબેંકની રાજનીતિમાં મસ્ત છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીએ વડોદરા લોકસભા વિસ્તારના જારોદ અને વાઘોડીયા ખાતે લોકસભાના ઉમેદવાર શ્રી રંજનબેન ભટ્ટના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધતાં જણાવ્યું હતું કે, જારોદ ગામ તો ભાજપાનો ગઢ કહેવાય છે, જારોદ ગામમાં આવ્યાનો મને ખૂબ જ ગર્વ છે. કોંગ્રેસ એવા પ્રશ્નો પૂછે છે કે, ભાજપાના રાજમાં શું કામ થયું ? શું વિકાસ થયો ? ભાજપાના રાજમાં ગુજરાતના દરેક ગામમાં રસ્તા, પાણી, ગટર, આરોગ્ય કેન્દ્ર, શિક્ષણ, આ પ્રકારની તમામ સુવિધાઓ ભાજપાની સરકારે ઉપલબ્ધ કરાવી છે. દેશમાં વર્ષો સુધી શાસન કરનાર કોંગ્રેસ પાર્ટી ગામડામાં પીવાનું પાણી પણ પહોંચાડી શકી ન હતી. વર્ષો સુધી રાજ કરનારી કોંગ્રેસ ગામડાના માનવીનું જીવનધોરણનું સ્તર સુધારવામાં સદંતર નિષ્ફળ નીવડી હતી. સમાજને અભણ રાખીને તેમના મત મેળવવાનું કોંગ્રેસ વર્ષોથી કરતી આવી છે. કોંગ્રેસે ગામડાના માનવીને હંમેશા તરછોડ્યો છે. જ્યારે બીજી તરફ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્રની સરકાર અને રાજ્યમાં શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે સતત ગરીબોના પડખે ઊભા રહીને તેમના પ્રશ્નોનો નિકાલ કરવાના અથાગ પ્રયત્નો કર્યા છે અને અનેકવિધ યોજનાઓના લાભ ગામડાની જનતાને અપાવ્યો છે.

કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરતાં વાઘાણીએ જણાવ્યું હતું કે કોંગ્રેસને માત્ર ને માત્ર ચૂંટણી પ્રચાર દરમિયાન જ ગરીબો અને જનતા યાદ આવે છે પરંતુ જ્યારે જનતાને ખરેખર જરૂર હોય ત્યારે કોંગ્રેસ પાર્ટી ક્યાંય દેખાતી નથી કોંગ્રેસે હંમેશા જ્ઞાતિ, જાતિ, ભાષા અને ધર્મના નામે તુષ્ટીકરણની રાજનીતિ અપનાવી છે. રાષ્ટ્રહિતને નેવે મૂકી એક જ પરિવારને સત્તા ઉપર બેસાડવા માટે વોટબેંકની રાજનીતિનું હંમેશા આચરણ કર્યું છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત હવે આતંકીઓને ઘરમાં ઘુસીને મારે છે, સરકારો પહેલાં પણ હતી પણ સર્જીકલ સ્ટ્રાઇક નહોતી. સરકારો પહેલાં પણ હતી પણ બીજા દેશની સીમા પાર કરીને હવાઇ હુમલાથી આતંકીઓના ઠેકાણાઓનો ખાત્મો થતો નહોતો. આ દિવસે ને દિવસે મજબૂત રીતે ઉભરી આવતાં ભારતનું પ્રમાણ છે. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી આતંકીઓ અને નકસલીઓનો સફાયો કરવામાં વ્યસ્ત છે, જ્યારે કોંગ્રેસ આતંકીઓને છાવરવામાં અને વોટબેંકની રાજનીતિમાં મસ્ત છે. પ્રધાનસેવક અને ચોકીદાર દેશના સપૂતોના સન્માન માટે કટીબધ્ધ છે, જ્યારે કોંગ્રેસ દેશ વિરોધી તત્વોના સન્માન માટે મેદાનમાં છે. જે લોકો ભ્રષ્ટ છે, તેવાં જ લોકો મોદી થી બહુ ત્રસ્ત છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે ભાજપાના શાસનમાં અવિરતપણે થઇ રહેલા વિકાસ કાર્યોના કારણે જ ગુજરાતની જનતાએ ભાજપા પર વારંવાર વિશ્વાસ મુક્યો છે. ભારતીય જનતા પાર્ટીએ વિકાસના નવા કિર્તીમાન પ્રસ્થાપિત કરી ગુજરાતના અને દેશના લાખો કાર્યકર્તાઓ ગર્વ લઇ શકે તેવું સુશાસન આપ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં તેમણે ગુજરાતને બદલાતું જોયું છે તેમજ છેલ્લા પાંચ વર્ષના શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રી કાળ દરમિયાન પણ દેશમાં થઇ રહેલા મોટા સકારાત્મક ફેરફારો પ્રજાએ નિહાળ્યા છે. જનતા ખૂબ સારી રીતે જાણે છે કે, દેશના વિકાસની સાથે સાથે દેશની સુરક્ષા કરવામાં કોણ સમર્થ છે. અને એટલે જ આગામી લોકસભાની ચૂંટણીમાં "સંકલ્પિત ભારત, સશક્ત ભારત" માટે ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર જનતા ભાજપાને પ્રચંડ વિજય આપી નયા ભારતની કલ્પનાને સાકાર કરવા ફરી એકવાર શ્રી નરેન્દ્રભાઇ મોદીને દેશસેવા માટે સ્પષ્ટ બહુમતી આપશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ